

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

કોણ જાણે કેટલું મૌન રાખી ફરવાના છે!
ડૂબશે નિવૃત્તિમાં કે તોફાન તરવાના છે?
ચાલવાના ચાલ કેવી ને કોને કરશે માત - !!
જાણે ન જગન્નાથ પણ બાપુ શું કરવાના છે !!!

### હાઈકુ

‘વ્હેલું ચોમાસું!’
પડશે પારાવાર -
- વાયુ શાસ્ત્રીઓ...

ચૂંટણી સુધી,
ઠેલ્યા કરો તારીખો -
વરસાદની...

(હવામાન ખાતાંને ‘પર્યાવરણ’ની અસર??)

### ચિંતન

નૈન છન્દાંસિ વૃજિનાત્તારયન્તિ માયાવિનં માયયા વર્તમાનમ્ ।
નીડં શકુન્તા ઈવ જાત પક્ષાચ્છન્દાંસ્યેનં પ્રજહત્યન્તકાલે ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવાયેલ છે.

માયાથી ઢંકાયેલા કપરી (માયાવી) માણસને વેદો (છંદાસિ) પણ પાપ (વૃજિન)માંથી તારતા નથી, આવા માણસને વેદ અંતકાળે એ રીતે છોડી દે છે, જે રીતે પાંખો આવતા પંખીઓ (શકુન્તાઃ) માળાને તજી દે છે.

માયા તો ઠગારી - લુચ્ચી છે. તેથી એવી માયાથી ઘેરાયેલા પુરુષ પણ ઠગ કે કપટી બની જાય છે. અને એનો ઉદ્ધાર કરવા ચાર વેદ પણ સમર્થ બનતા નથી.

માયાનું પડળ આંખ આગળ હોય ત્યાં સુધી ‘સત્ય’ દેખાયું નથી. માયાનું આવરણ દૂર થતાં જ જ્ઞાનનો પ્રકાશ થાય છે.

### સુવિચાર

- સંબંધોની સિલાઈ જો સ્વાર્થથી થઈ હશે તો ટકવી મુશ્કેલ,
  અને જો લાગણીથી થઈ હશે તો તૂટવી મુશ્કેલ - **જનકલ્યાણ**
- વામન થઈ વિસ્તરવાનું છે, ડગ એક અડગ ભરવાનું છે,
  હાર ન માનતો કોઈ પળે તું, મુસીબત સામે લડવાનું છે - **નૂર પોરબંદરી**
- પોસાય એટલા જ સંબંધો રાખવા કેમ કે લાગણીની લોન કોઈ બેંક પાસે નહીં મળે - **એસ.એમ.એસ.**
- બીજાની ‘ખામી’માં રસ લેવો એ જ આપણી ખામી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હર રોજ ગિરકર ભી મુક્કમલ ખડે હૈ, એ જીંદગી દેખ, મેરે હોંસલે તુજ સે ભી બડે હૈ - **શ્યામ બારોટ**
- આપશો એ જ પાછું મળશે, એ પછી ઈજ્જત હોય,
  માન-સન્માન હોય, કપટ હોય કે પછી દગો - **જયંત પાઠક**
- આજનું ઔષધ : તલ વાટીને ગાયનું ઘી અથવા તાજું સફેદ માખણ મેળવી સવાર-સાંજ ખાવાથી હરસ મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

‘જ્ઞાન હોવું’ અને ‘આચરણ’માં મૂકવું એ બે બાબતમાં મોટો તફાવત છે :

એક લેખક વિષે એના બે ચાહકો ચર્ચા કરી રહ્યા હતા. લેખકના લખાણથી બંનેમાં સકારાત્મક બદલાવ આવી ગયો હતો. બંને ચર્ચામાં કહી રહ્યા હતા કે લેખક મહાન ફીલસૂફ હોવો જોઈએ. તત્ત્વજ્ઞાની હોવો જોઈએ. ધર્મ પણ સારી રીતે સમજેલો હોવો જોઈએ. આ બંનેની વાત એક પાસે ઊભેલી ત્રીજી વ્યક્તિએ સાંભળી. એ ત્રીજી વ્યક્તિએ કહ્યું, ‘એ જ્ઞાની હશે તેથી લખી શકો, બોલી શકે પણ એવું જરૂરી નથી કે તેઓ વૈરાગી જીવન જીવતા હશે, એમના જ્ઞાનના આધારે તે સારુ લખે પણ જીવનના અનુભવના આધારે ન પણ લખતા હોય એવું બંને. તમે એવું કરો કે તેમને રૂબરૂ મળીને ખાતરી કરો તો સારું.’

બેવ ચાહકો લેખકને રૂબરૂ મળ્યા. જોયું તો પેલા લેખક તો પૂરા સંસારી નીકળ્યા. એટલે એક ચાહકે કહ્યું, ‘તમારા પુસ્તકો વાંચીને અમને વૈરાગ્ય જાગ્યો પણ તમે તો પૂરા સંસારી છો.’

લેખક જવાબ આપતા કહ્યું, ‘ભાઈ મારું કામ તો પેલા લુહાર જેવું છે, લુહાર તલવાર બનાવી જાણે પણ એનો ઉપયોગ તો રણસંગ્રામમાં કોઈ શૂરવીર જ કરે, લુહાર ખુદ એ તલવારનો ઉપયોગ ન કરી શકે.’

# રાષ્ટ્રપતિની રેસમાં મીરાંકુમાર

**તંત્રીસ્થાનેથી...**

મહાત્મા ગાંધીનું સ્વપ્ન હતું કે એક સફાઈ કામદારની દીકરી ક્યારેક સ્વતંત્ર ભારતનું સુકાન સંભાળે. ખરી આઝાદી ત્યારે મળી ગણાશે. રાષ્ટ્રપિતાનું એ સપનું આઝાદીના સાત દાયકા પછી હજી સાકાર નથી થઈ શક્યું તે હકીકત આપણે સ્વીકારવી જ રહી. આઝાદી કરતાં પણ અસ્પૃશ્યતા નિવારણ અને દારૂબંધી જેવી બાબતો મહાત્માને માટે ‘ટૉપ પ્રાયોરિટી’ની અને વધુ અગત્યની હતી. દેશને આજ સુધી દલિત કે આદિવાસી વડાપ્રધાન નથી મળી શક્યા; હા, કે.આર. નારાયણ નામા દલિત રાષ્ટ્રપતિ જરૂર મળેલા છે અને એને કોંગ્રેસી શાસનની જ દેણ ગણવી રહી. દેશને ડૉ. ઝાકિર હુસેન, ફકરુદ્દીન અલી અહમદ અને એપીજે અબ્દુલ કલામ જેવા મુસ્લિમ રાષ્ટ્રપતિઓ સાંપડ્યા છે તો વળી એમ.સી. ચાગલા, હિદાયતુલ્લા જેવા ન્યાયમૂર્તિઓ સાંપડ્યા છે. પરંતુ મહાત્મા તો ક્યારેક દલિતની દીકરી આ દેશની રાષ્ટ્રપતિ બને એવું ઈચ્છતા હતા. બાબુ જગજીવનરામમાં દેશનું સુકાન સંભાળવાની પૂરેપૂરી ક્ષમતા હતી. એમની પ્રલંબ કારકિર્દી દરમિયાન બાબુજીએ કેન્દ્રના મંત્રી તરીકે જે વિભાગો સંભાળ્યા એમાં તેઓ સફળ હતા, પછી એ રેલમંત્રી તરીકેની જવાબદારી હોય કે સંરક્ષણમંત્રી તરીકેની. એમના સંરક્ષણમંત્રી તરીકેના કાર્યકાળમાં જ ભારતે ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં ભવ્ય વિજય હાંસલ કરીને એની પૂર્વ પાંખ તોડી નાખી નવા રાષ્ટ્રના નિર્માણમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. જો કે, બાબીજુને એક અફસોસ જરૂર રહી ગયો : ‘ઈસ કમ્બખ્ત દેશમેં એક ચમાર કા બેટા કભી પ્રાઈમ મિનિસ્ટર નહીં બન સકતા.’ આ શબ્દો છેક હોઠ સુધી આવેલું પ્રાઈ મિનિસ્ટર પદ મોરારજી દેસાઈને સુપરત કરવું પડ્યું ત્યારે એક દાઝેલા દલિત નેતાની નાભિમાંથી ફૂટ્યા હતા. ઈંદિરા ગાંધી વિરુદ્ધ મહાગઠબંધન રચી કોંગ્રેસનો વખાડી ફેંકવામાં જયપ્રકાશ નારાયણને સૌથી મહત્ત્વનું સમર્થન બિહારનાજ હમવતની બાબુ જગજીવનરામ તરફથી સાંપડ્યું હતું અને જયપ્રકાશનું ચાલ્યું હોત તો એમણે જગજીવનરામને જ પહેલા બિનકોંગ્રેસી વડાપ્રધાન બનાવ્યા હોત. પરંતુ ચૂંટાયેલા ગઠબંધનમાં મોરારજી દેસાઈ અને જગજીવનરામ ઉપરાંત વડાપ્રધાનપદના અભિલાષી એવા ચૌધરી ચરણસિંહ પણ હતા. એમને હઠ પકડી અને હું મરું પણ તને રાંડ કરું - એ ન્યાયે એમને મોરારજી દેસાઈની તરફેણ કરતાં બાજી બગડી ગઈ હતી. કચવાતા મને નાયબ વડાપ્રધાન બનેલા બાબુજીનાં રાજકીય વારસ મીરાકુંમાર બાપુજીના અવસાન પછી કોંગ્રેસના રાજકારણમાં સક્રિય બન્યાં અને વિવિદ વિભાગોમાં મંત્રી તરીકેની જવાબદારી સંભાળતાં સંભાળતાં છેલ્લે લોકસભાનાં અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયાં. હાલ પણ તેઓ પિતાની સાસારામ બેઠક પરથી ચૂંટાઈ શકે છે, તે બાબુજીની ગુડવિલ છે. આગામી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં એનડીએ તરફથી કોળી - દલિત ઉમેદવાર કે જેઓ સંઘની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે, એમની સામે ‘ટોકન ફાઈટ’ આપવા સોનિયા ગાંધીએ મીરાં કુમાર પર પસંદગી ઉતારી છે. મીરાં કુમાર એમના અનુભવ અને પૈતૃક વારસાની રૂએ બહેતર ઉમેદવાર જરૂર છે, પરંતુ યુપીએ પાસે એમને ચૂંટણી કાઢવા માટે જરૂરી આંકડા ક્યાં છે? ખુદ જેડી(યુ) અને અન્ય કેટલાંક યુપીએના જ ઘટક પક્ષો અગાઉથી એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદને સમર્થન જાહેર કરી ચૂક્યા છે. બાબુજી સહારે જ અડધે રસ્તે મઝધારે ડૂબવા જેવી સ્થિતિ સરજાઈ છે. બાબુજીનો આત્મા જયાં હશે ત્યાં કકળતો હશે : એક ચમારની બેટી ઈસ કમ્બખ્ત દેશમેં કભી રાષ્ટ્રપતિ નહીં બન સકતી...

# જે કામ અમે શિક્ષકો ન કરીએ તે કામ બાળકોની પાસે ન કરાવવું

**ગાંધીએ માનસશાસ્ત્રીની માફક અભ્યાસક્રમ ઘડ્યો હતો**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધીએ શિક્ષણની યોજના કેટલીક મૂળભૂત માનસશાસ્ત્રીય જરૂરિયાતોનો ખ્યાલ રાખીને રજૂ કરી હતી. શાળામાં પ્રવેશતા બાળકની મુખ્ય જરૂરિયાત પ્રેમ અને સ્વમાન છે. પાંચ વર્ષની ઉંમરે ઘર અને પરિવાર છોડીને ભણવા આવતા નાનકડાં બાળક માટે શાળાએ સધિયારાનું સ્થાન છે. એ તેમના વિચારોમાં વ્યક્ત થતી હતી. ગાંધી તો બાળકને અણવિકસિત મનુષ્ય તરીકે કે બાળ આરણ્યક તરીકે જોતા નથી. પરંતુ બાળકને દૈવી અંશ ધરાવનાર વ્યક્તિ ગણાવે છે.


ગાંધીના શિક્ષણની મજાની વાત એ હતી કે ‘શિક્ષક બાળકને સમજે અને તેને ચાહે.’ આજે જો કે સાવ ઉલ્ટી રીતે શિક્ષણ ચાલી રહ્યું છે. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી જ વિવિધ પ્રયોગો શરૂ કર્યાં હતા. આ પ્રારંભના પ્રયોગો એટલે તેમનું ‘ટોલ્સટોય ફાર્મ.’ ટોલ્સટોય ફાર્મમાં તેમણે શિક્ષણ શરુ કર્યું હતું. ગાંધીજીએ ત્યાં પ્રથમથી જ એવો રિવાજ પાડ્યો હતો કે ‘જે કામ અણે શિક્ષકો ન કરીએ તે કામ બાળકોની પાસે ન કરાવવું, ને હંમેશા તેમની સાથોસાથ એ જ કામ કરનાર શિક્ષક રાખવા જેથી બાળકો જે કંઈ હોંશથી શીખે. ગાંધી કહેતા કે શિક્ષકની સાથે બાળક આ રીતે કંઈક શીખીને બનાવે છે ત્યારે કળાકૃતિના નિર્માણનો આનંદ તે અનુભવે છે અને એ રીતે તે સ્વાશ્રયી અને આત્મવિશ્વાસી બનવાની દિશામાં પહેલ પાડે છે. આ રીતે જોઈએ તો ગાંધી ‘શિક્ષણના માનસશાસ્ત્ર’નો વિચાર મૂકીને કશીય રોકટોક વિના કશું ય શીખવ્યા વિના ઘણું બધું શીખવી દેવાનો અને યુવા વયે સજ્જ વ્યવસાયી બનાવવાના પ્રયાસો કેળવણીમાં જોયા હતા.’

મનોવિજ્ઞાનની દષ્ટિએ શારીરિક તાલીમ બાળકની બુદ્ધિ ખીલવે છે અને તેના શરીરના જ્ઞાનતંતુઓના તંત્રને તાલીમ આપે છે. એટલું જ નહીં પણ વ્યક્તિમાં આત્મવિશ્વાસ પણ પેદા કરે છે. શારીરિક કામ દ્વારા બાળકમાં પેદા થયેલો આત્મવિશ્વાસ તેનામાં સ્વમાનની અને ભવિષ્યની હાડમારીઓની સામે સલામતીની ભાવના પેદા કરે છે. વિદ્યાર્થીને વિવિધ ઉત્પાદકીય પ્રવૃત્તિની, સર્જન પ્રવૃત્તિની, સમૂહમાં ભાગ લેવાની તથા તેની આસપાસની પરિસ્થિતિમાં સમાયોજન સાધવાની આવડત પેદા કરી શકાય છે. ગાંધીની કેળવણીના વિચારમાં ભૌતિક અને સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈને પાઠ્યક્રમમાં તેને સાંકળી લેવામાં આવ્યા હતા. જેથી દરેક બાબતો પણ સમતોલભાર મૂકીને બાળપ્રકૃતિની આ બધી પાયાની જરૂરિયાતો સંતોષવામાં શિક્ષણ ઉપયોગી બની શકે.

માનવી મૂળ તો સામાજિક પ્રાણી છે. સમૂહમાં રહેવાની વૃત્તિએ માનવજાતનું સર્વ સામાન્ય લક્ષણ છે. સમૂહજીવન સલામતી માટે પણ જરૂરી છે. સલામતીની ભાવના, એકબીજાની હૂંફ વગેરે માનસિક ગુણો માનવીને સામાજિક સમૂહ તરફ લઈ જાય છે. અને આ રીતે બનેલા સામાજિક સમૂહ માટે કેળવણી આવશ્યક છે. વ્યક્તિઓ એકબીજા સાથે રહે, હળેમળે, એકબીજાને મદદરુપ બને અથવા એકમેક પર પોતાનો પ્રભાવ પાડવા મથે કે સહિયારા પ્રયાસોથી એકબીજાનાં સુખદુઃખમાં સહભાગી બને એ માનવસમાજ માટે જરૂરી છે. આ વાતોને ધ્યાનમાં લઈએ ત્યારે કેળવણીનો ઉદ્દેશ સહેજે ય સમજાય જાય એવો છે. મનુષ્યમાં સામાજિક કુશળતા પ્રાપ્ત કરવા માટે અથવા તો સામાજિક પરિસ્થિતિ સાથે પૂરતા પ્રમાણમાં સુમેળ સાધવા માટે કેળવણી આવશ્યક છે.

અહિંસાના પૂજારી ગાંધીજીઆ દૃષ્ટિએ કેળવણીનો અભ્યાસક્રમ અને એની પાછળનો તર્ક રજૂ કરે છે. ગાંધીએ કેળવણીના ઉદ્દેશો જે તે સમય અને સ્થળને ધ્યાનમાં લઈને એ સ્થળકાળમાં ચાલતી સામાજિક પ્રવૃત્તિઓ - ખ્યાલોને અનુરુપ અભ્યાસક્રમમાં તેને સ્થાન આપવાનું કાર્ય કર્યું હતું.

અનુસંધાન પાના નં. ૭ પર



# વિશ્વકોશપુરુષ ધીરુભાઈ : શતાબ્દી વંદના



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી


ભારત સરકારે જીવનના સંધ્યાકાળે પહોંચેલા ધીરુભાઈ ઠાકરનું સન્માન પદ્મભૂષણ થી નવાજીને કરવાનો સ્તુત્ય નિર્ણય કર્યો. સ્વાભાવિક રીતેજ ધીરુભાઈના સન્માનને અગણિત સાહિત્ય રસીકોએ અંતરના ઉમળકાથી વધાવ્યું. જો કે આ નિર્ણયની વિધિવત્ જાહેરાત ભારત સરકારે કરી તેના આગલા દિવસે (૨૪ જાન્યુઆરી-૨૦૧૪) ધીરુભાઈએ મહાપ્રયાણ કર્યુ. ઠાકર સાહેબ સદેહે આપણી વચ્ચે નથી પરંતુ ગુજરાતી ભાષા સાથે સંકળાયેલા અને વિશ્વના કોઈપણ ખૂણે વસતા ગુજરાતીના દિલમાંથી ધીરુભાઈની સ્મૃતિ કદી પણ લોપાશે નહિં. ધીરુભાઈએ વિશ્વકોશનો આંબો વાવ્યો છે જેના મીઠા ફળ આવનારી અનેક પેઢીઓને હંમેશા મળતા રહેશે તે નિર્વિવાદ છે. વિશ્વના અનેક વિષયોની જાણકારી પ્રાપ્ત કરવા માટે વિશ્વકોશના માધ્યમની લાંબાગાળાની ઉપયોગીતા બાબત ઠાકર સાહેબ સ્પષ્ટ હતા. વિશ્વકોશને ધીરુભાઈ ક્રાંતિનું વાહન કહેતા હતા. સ્વાભાવિક રીતે જ વિચારનું મૂળ જાણકારીમાં અથવા જ્ઞાનમાં રહેલું છે. જ્ઞાન મેળવવાનો સ્ત્રોત એ માહિતી છે. વિશ્વકોશ અનેક વિષયોની સંગીન તેમજ અધિકૃત માહિતીનો સ્ત્રોત છે. કોશમાં માહિતી રજૂ કરનાર વ્યકિત પણ જે તે વિષયમાં નિષ્ણાત હોય છે. આથી આ પ્રકારની માહિતીની સંપૂર્ણ વિશ્વસનિયતા રહે છે. વિશ્વકોશના સંદર્ભમાં ધીરુભાઈએ કહેલી વાત વિસરી શકાય તેવી નથી. ધીરૂભાઈ કહેતા કે તેમણે જયારે વિશ્વકોશનું કામ શરૂ કર્યુ ત્યારે સામાન્ય લોકોની આ વિષય અંગેની જાણકારીનો અભાવ હતો. ધીરૂભાઈ અનુભવના આધારે લખે છે:

“સમાજને વિચારનું બળ પૂરું પાડનાર વિશ્વકોશ છે. ગુજરાતમાં અમે વિશ્વકોશનું કામ શરૂ કર્યુ ત્યારે ઘણાં લોકોને શબ્દકોશ અને વિશ્વકોશ વચ્ચેના અંતરની ખબર ન હતી. આજે આ પ્રવૃત્તિની જાણ વિશ્વકોશના સંપર્ક પત્ર ‘વિશ્વવિહાર’ દ્વારા ગુજરાતને ખૂણે ખૂણે થઈ ગઈ છે. વિશ્વકોશનો ઉપયોગ વિદ્યાર્થી અને અધ્યાપક ઉપરાંત સામાન્ય જિજ્ઞાસુ વર્ગ પણ કરતો થઈ ગયો છે.”

જૂન માસની ૨૩મી તારીખે ૧૯૧૮માં ધીરૂભાઈનો જન્મ થયો. આથી ૨૦૧૭-૧૮ નું વર્ષ એ તેમની જન્મ-શતાબ્દીનું વર્ષ છે. ગુજરાત પોતાના આ મોટા ગજાના સારસ્વતને તેમની જન્મ શતાબ્દીના પ્રસંગે વ્યાપક રીતે યાદ કરશે તે સ્વાભાવિક છે. વિશ્વકોશના સર્જનના ઈતિહાસની વાત વાગોળીએ તો એ બાબતની પ્રતીતિ થાય છે કે માત્ર અક્ષર જ્ઞાનના આધારેજ કોઈકના વ્યકિતત્વની મૂલવણી કરીએ તો તેમાં થાપ ખાઈ જવાની સંભાવના રહેલી છે. ઉત્તર ગુજરાતના કર્મયોગી તેમજ સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી સાકળચંદ પટેલ અક્ષર જ્ઞાનથી નહિ પરંતુ અંતર જ્ઞાનથી એ વાત સમજ્યા કે શ્રી ધીરૂભાઈ ઠાકર જેવા સારસ્વત વિશ્વકોશનું કામ ઉપાડે તો ગુજરાતની આવનારી અનેક પેઢીઓ માટે આંબાનું વૃક્ષ રોપવા જેવું ફળદાયી પરિણામ મળે. આથીજ તેમણે ઠાકર સાહેબને વિશ્વકોશની પ્રવૃત્તિ આર્થિક બાબતોની ચિંતા કર્યા સિવાય શરૂ કરવાનું કહ્યું. આવા શિવ સંકલ્પનું પરિણામ આજે નજર સામે છે. વિશ્વકોશનું વટવૃક્ષ ફૂલ્યું ફાલ્યું છે. ધીરૂભાઈએ જીવનના લગભગ સાત દાયકાની સફર પૂરી કરી ત્યાર બાદ વિશ્વકોશની સ્થાપનાનું ઐતિહાસિક કાર્યનો મજબૂત સંસ્થાકીય પાયો તેમના દ્વારા નાખવામાં આવ્યો તે દર્શાવે છે કે કામ કરનારને ઉંમર – કાળ કે સંજોગોના બંધન નડી શકતા નથી. વિશ્વકોશ જેવો જ્ઞાન ભંડાર ગુજરાતીઓને ઉપલબ્ધ થાય તેવો મહત્વાકાંક્ષી સંકલ્પ પૂ. મોટાનો પણ હતો. પૂજ્ય મોટાના શિવ સંકલ્પની પૂર્તિ સાંકળચંદ – ધીરૂભાઈના સાનિધ્ય તેમજ નિર્ધારથી થવાનું વિધિ-નિર્માણ હશે તેથી કામ થયું અને ચોમેર ખ્યાતિને વર્યુ. જીવનના જે જે ક્ષેત્રોમાં ધીરૂભાઈએ કામ કર્યું ત્યાં એકજ સરખી નિષ્ઠાનું દર્શન થાય છે. આ બધી પ્રવૃત્તિઓની ધમાલ વચ્ચે પણ અવિરત સાહિત્ય સર્જનનો પ્રવાહ તેમની કલમે વહેતો રહેલો છે તે પણ એક નોંધપાત્ર બાબત ગણાય. ભારત સરકારે તેમને પદ્મભૂષણના ખિતાબથી નવાજ્યા તે ઉત્તમ નિર્ણય ગણી શકાય. પરંતુ અનેક લોકોનો જે સ્નેહાદર ઠાકર સાહેબને મળ્યો છે તે સૌથી મોટો એવોર્ડ છે.

ધીરૂભાઈ તેમના સુદીર્ઘ જીવનમાં કાળના અનેક પ્રવાહોના સંપર્કમાં આવ્યાં. ગાંધી પ્રેરીત મહાન લડતના પણ તેઓ શાક્ષી તથા સહભાગી બન્યા. આ કાળમાં યૌવનનો જે અજંપો હતો તેના ધબકાર તેમણે એક યુવાન અધ્યાપક તરીકે અનુભવ્યો. દેશનું વિભાજન થયું અને રાજકીય સમસ્યાઓ ઉપરાંત જે સામાજિક સમસ્યાઓના વમળો ઉભા થયા તેનું નિરીક્ષણ તથા અભ્યાસ તેમણે એક જાગૃત અધ્યાપક તરીકે સતત કર્યો. તત્કાલિન કાળના પ્રવાહો પારખીને તેના બધા અનુભવોના ભાથાનુ નવનીત એ સર્જક ધીરૂભાઈના શબ્દોમાં પ્રગટ થયું છે. સાંપ્રત પ્રવાહો સાથે સંપર્ક જાળવવાની તેમની જિજ્ઞાસુ વૃત્તિ આજીવન રહી હતી. જીવનના સાત-આઠ દાયકા પસાર થયા પછી પણ તેમને સામાજિક જીવન અને સાહિત્યને સબંધિત અનેક ઘટનાઓમાં સક્રિય રીતે સહભાગી થતાં અને દોરવણી આપતાં જોયા છે. વિશ્વકોશના નિર્માણનું પડકારરૂપ કાર્ય જીવનના ઉત્તરાર્ધમાં કરીને તેમણે એક દીવાદાંડીરૂપ કાર્ય કર્યું છે. દરેક જીવંત વ્યકિતની વિદાય ગમે તેટલી વસમી લાગે તો પણ નિશ્ચિત હોય છે. આ સંજોગોમાં વ્યકિતએ પોતે હાથ ધરેલા કાર્યો પૂરા ન થાય અથવા કાળના પ્રાવહમાં ટકે નહિ તેવું બનવાનો પૂરો સંભવ છે. આથીજ વિશ્વકોશનું નિર્માણ કરીને ધીરૂભાઈએ એક મજબૂત –ટકાઉ તથા હેતુપૂર્ણ સંસ્થાગત માળખું ઉભુ કર્યુ છે. જે ખૂબ નોંધપાત્ર બાબત છે. વિશ્વકોશના દરેક નવા ભાગના વિમોચન સાથે જ જાણે ધીરૂભાઈની ચેતનામાં નવો સંચાર થતો હતો. પોતે વાવેલા બીજને પલ્લવિત વૃક્ષ તરીકે જોવાનું સદભાગ્ય ઓછા લોકોને પ્રાપ્ત થતું હોય છે. એ રીતે જોઈએ તો ‘સવ્યસાચી’ ધીરૂભાઈ ખરા અર્થમાં બડભાગી હતા. જીવનનો ધર્મ કદાચ તેમણે સતત કર્તવ્ય પરાયણતામાં જોયો હશે તેમ લાગે છે. ધીરૂભાઈના શતાબ્દી પર્વના મંગળ સમયે શિક્ષણ તથા જ્ઞાન વર્ધનના આપણાં પ્રયાસોમાં નિષ્ઠા અને ગુણવત્તા ઉમેરવાનો સંકલ્પ કરીએ તો ઠાકર સાહેબને સાચી અંજલી આપી ગણાશે.

# જયંતિલાલ મકવાણા લિખિત ‘પરણેતરની પ્રીત’નું લોકાર્પણ સોમવારે



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર ‘દધિ’

● સુરતના જાણીતા કવિઓ દ્વારા, માતૃકવિતાઓની પ્રસ્તુતિનો કાર્યક્રમ, તા. ૧૩-૫-૧૭ના રોજ, કમળાબા અમી હોલ, નાનપુરા, સુચી ખાતે, અખિલ હિન્દી મહિલા પરિષદ બૃહદ ટ્રસ્ટ દ્વારા ‘જે રાહ જુએ છે તે મા હોય છે’ ના નામાભિધાનથી યોજાઈ ગયો. ‘મધર્સ ડે’ નિમિત્તે શહેરનાં કવયિત્રી અને વાર્તાકાર ભારતીબેન જી. દેસાઈ દ્વારા પ્રસ્તુતિમાં કવિગણ તરીકે નયન દેસાઈ, રવીન્દ્ર પારેખ, મુકુલ ચૌધરી, વિવેક ટેલર, પ્રજ્ઞા વશી, દક્ષા વ્યાસ, રીના મહેતા, સંધ્યા ભટ્ટ, ધ્વનિલ પારેખ વગેરે કવિઓના માતૃલક્ષી કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમની સંચાલન પ્રજ્ઞા વશીએ કર્યું હતું.

● ‘કાવ્યમુદ્રા’ અમદાવાદના ઉપક્રમે ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે આપવામાં આવતો ‘કાવ્યમુદ્રા’ - વિનોદ નિપોટિયા એવોર્ડ - ૨૦૧૭ જાણીતાં સાહિત્યકાર ધીરુબહેન પટેલને માન. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના શુભહસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રરસંગે કલાવિદ્ નૌશિલ મહેતાએ ધીરુબહેનના સર્જકોના વૈવિધ્ય વિશે વકતવ્ય આપ્યું હતું, જયારે ડૉ. કુમારપાળ દેસાઈ, વસંત ગઢવી, રાજેન્દ્ર પટેલ અને તુષાર શુક્લએ પ્રસંગોચિત વ્યકવ્યો આપ્યા હતા.

● અનવર જલાલપુરી લિખિત, ‘ઉર્દૂ શાયરી મેં ગીતા’ ના અનુવાદિત પુસ્તક ‘આસ્વાદ’ માટે, ગાંધીનગરના ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અનુવાદ શ્રેણીમાં તૃતીય પુસ્તક માટે પસંદ કરવામાં આવેલ છે. ગાંધીનગર સાહિત્ય સભા માટે આ ગૌરવની બાબત કહેવાય. ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય કુંદનબેન દવેને ખૂબ ખૂબ અભિનંદન સહ, અંતરની શુભેચ્છાઓ...

ગાંધીનગર સાહિત્યસભાના આજીવન સભ્ય અને વાર્તાકાર જયંતિલાલ મકવાણાના ચોથા પુસ્તક ‘પરણોત્તરની પ્રીત’ નું વિમોચન અને લોકાર્પણ સાહિત્યકાર અને જાણીતા નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈના શુભ હસ્તે, મુખ્ય મહેમાન - લીંબડીના રહેવાસી સાહિત્યકાર વિષ્ણુકુમારની ઉપસ્થિતિમાં અને સુરેન્દ્રનગર વાર્તાકાર તલકશીભાઈ પરમાર અને લીંબડીના કવિ અને લઘુકથાકાર ચંદ્રકાન્ત નિર્મલના અતિશિવિશેષ પદે તા. ૨૬મી જૂનના રોજ સવારે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષપદે કરવામાં આવશે.

● સુરતની જાણતી કલાસંસ્થા રાષ્ટ્રીય કલાકેન્દ્ર દ્વારા ચિત્રકાર વાસુદેવ સ્માર્ત પુરસ્કાર અને જાણીતા સંગીતજ્ઞ સ્વ. કંચનલાલ મામાવાલાની સ્મૃતિમાં અપાતું સાહિત્ય - સંગીત - નૃત્ય અને નાટ્યકલા ક્ષેત્રે વિશેષ પ્રદાન માટેનો ‘કલા મર્મજ્ઞ’ એવોર્ડ, ખોલવડ કૉલેજના નિવૃત્ત અધ્યાપક, સાહિત્યકાર, નાટ્યવિદ્ અને ‘પ્રાર્થના’ સામયિકના સંપાદક ડૉ. વિપિનકુમાર કિકાણીને જાણીતા ગઝલકાર ખલીલ ધનતેજવીના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

● સાહિત્ય-કલા સંસ્થા ‘નવલકથા’ અને ‘શબ્દસેતુ’ - વડોદરાના સંયુક્ત ઉપક્રમે ડાયસ્પોરા કવિ રમેશ પટેલ ‘પ્રેમોર્મિ’ ના બે કાવ્ય સંગ્રહો ‘હૃદયગંગા’ (બીજી આવૃત્તિ), ‘હૃદયગંગાની યાત્રા’ અને ‘ધ્યાનયોગ અને સૂર્યોપાસના’ તથા જગદીસ પટેલની પ્રવૃત્તિ, શ્રમજીવીઓના આરોગ્ય અને સુરક્ષા વિષયક લેખસંગ્રહ ‘કોઈક તો છે’ નો વિમોચન અને લોકાર્પણ સમારોહ સાહિત્યકાર ડૉ. બળવંત જાનીના અધ્યક્ષપદે યોજાઈ ગયો. કાર્યક્રમના આયોજક અને ‘શબ્દસેતુ’ના સંયોજક સુંદરમ્ ટેલરે આવકાર પ્રવચનમાં ભૂમિકા બાંધી હતી. ડૉ. વિરંચિ ત્રિવેદીએ રમેશ પટેલનો વિશદ્ પરિચય આપ્યો હતો. આ ત્રણો ગ્રંથોનું લોકાર્પણ ડૉ. બળવંત જાનીએ કર્યા બાદ, રમેશ પટેલની કાવ્યયાત્રાને આલેખી, ‘હૃદયગંગા’ ની વિશેષતાઓ વિશે ‘કોઈક તો છે’માં શ્રમજીવી વર્ગની દારૂણ સ્થિતિ વિષે કહ્યું હતું. કાર્યક્રમનું સૂચારું સંચાલન શ્વેતા જોશીએ કર્યું હતું.

શિશુવિહાર - બુધસભા, ભાવનગરની બેઠકમાં બુધસભાના કવિઓની રચનાઓની સંગીમય પ્રસ્તુતિનો કાર્યક્રમ ‘કૃષ્ણ સ્વરાભિષેક’ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે બુધસભાના ૯ કવિઓએ સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું. તેમજ બુધસભાના કવિ ભરતભાઈ વાળાના દસમા ગઝલ સંગ્રહનું વિમોજન પૂ. સંત મોરારિ બાપુના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

● મુંબઈ સ્થિત જાણીતા ગઝલકાર જવાહર બક્ષીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફથી તેમના ‘નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિકતા’ વિશેષ શોધ નિબંધ માટે, ૭૦ વર્ષની જૈફવયે પીએચ.ડી.ની પદવી મળી છે. તાજેતરમાં જ તેમણે તેમની ગઝલયાત્રાનાં પચાસ વર્ષ પૂરાં કર્યા છે. તેમને મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા ‘જીવન ગૌરવ પુરસ્કાર’થી નવાજવામાં આવ્યા છે.

● બ્રિટનમાં સાહિત્ય - સંગીત - કલાના રખેવાળ તરીકે ગાયક - સ્વરકાર ચંદુભાઈ મટાણીએ આગવું પ્રદાન કર્યું છે. તેમણે કરેલા આ પ્રદાન માટે બ્રિટનની ગુજરાતી લિટરરી અકાદમી દ્વારા, લેસ્ટરના બ્રેલગ્રેઈવ નેબરહૂડ સેન્ટરમાં સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભારતીય ડાયસ્પોરાના અમેરિકા સ્થિત બે અગ્રણી સર્જકો પન્ના નાયક અને નટવર ગાંધી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● અખિલ ભારતીય સાહિત્ય પરિષદની ગુજરાત શાખાના અધ્યક્ષ તરીકે ‘પુસ્તક પરબ’ ના પ્રણેતા અને શિક્ષણવિદ્ ડૉ. પ્રતાપ પંડ્યાની વરણી કરવામાં આવી છે; જયારે પ્રભારી તરીકે જાણીતા સાહિત્યકાર ડૉ. બળવંત જાનીની વરણી થઈ છે.

● અહિરછત્ર સંસ્કાર કેન્દ્ર, ભાવનગરના ઉપક્રમે સ્વ. ગજાનન ઉ. ભટ્ટના વાર્તાસંગ્રહ ‘નરકથા’ ની બીજી આવૃત્તિનું વિમોચન ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ અને કવિ હરિકૃષ્ણ પાઠકના હસ્તે યોજાઈ ગયું. ‘નરકથા’ ની વાર્તાઓ વિશે અજય પાઠકે વકતવ્ય આપ્યું હતું. સંચાલક વિનોદભાઈ વ્યાસે ગજાનન ભટ્ટ વિષે માહિતી આપી હતી.

- muljibhaidadhi@gmail.com